## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરૂજી તમારી વાત હવે માની... કે પૈસા એટલે પ્રોબ્લેમ... વ્હાઈટ મની કમાવા જવું એ પ્રોબ્લેમ છે... બ્લેકમની છુપાવવા એ પ્રોબ્લેમ છે... અને હવે આ પીન્ક મનીને છુટ્ટા કરાવવા એ પ્રોબ્લેમ વધ્યો....

## અદીતી જૈનને ખેલમહાકુંભમાં સુવર્ણ ચંદ્રક

ગુજરાત સરકાર દ્વારા યોજાતી મહા ગુજરાત ખેલમહાકુંભ સ્પર્ધામાં



અદીતી જૈને ૪૦ કિલોગ્રામ ઉપરની શ્રેણીમાં કરાટેમાં પ્રથમ સ્થાને રહી સુવર્ણ ચંદ્રક જિત્યો હતો. આ સ્પર્ધા વડોદરા મુકામે તા. ૨૩ અને ૨૪ નવેમ્બર ૨૦૧૬ના રોજ યોજાઈ હતી. અદીતી જૈન ૧૩ વર્ષની છે અને અમદાવાદમાં આવેલ પ્રકાશ સ્કૂલમાં ધો. ૯માં અભ્યાસ કરે છે. ખેલમહાકુંભ સ્પર્ધામાં કરાટેની શ્રેણી આ વરસે જ શરૂ કરવામાં આવી છે અને અદીતી જૈને પ્રથમ સ્થાન મેળવીને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

# માઉન્ટ કાર્મેલ શાળાના વાર્ષિકોત્સવની દબદબાભેર ઉજવણી







ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં શાળામાં અભ્યાસ કરતા ૩૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ વાર્ષિકોત્સની થીમ ગંગા નદીના કિનારે આવેલા સ્થળો પર જે મહાન વિભુતિઓ જન્મી તેમના પર આધારીત હતી. બાળકોએ વિવિધ કૃતિઓ સુંદર રીતે નૃત્ય નાટીકા સ્વરુપે રજુ કરતા ટાઉનહોલમાં હાજર સૌ કોઈએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. જયારે શાળા પરિવાર તરફથી શાળાના તેજસ્વી તારલા, નેશનલકક્ષાના ખેલાડીઓ તેમજ ચિત્રકારોનું પણ બહુમાન કર્યુ હતું. વાર્ષિકોત્સવ પ્રસંગે ટાઉનહોલ બાળકો અને વાલીઓથી ખીચોખીચ ભરાઈ ગયો હતો.

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે આજે બપોરના સુમારે સે-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના વાર્ષિકોત્સવ ડિરેકટર ઓફ સ્કુલ એ.એસ.ગઢવીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં મહેમાનોના હસ્તે દિપપ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શાળા પરિવાર તરફથી ઉપસ્થિત મહેમાનોનું ફુલહાર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર બાળકોને કાર્યક્રમના અધ્યક્ષ એ.એસ.ગઢવી એ બાળકોને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. જયારે કાર્યક્રમમાં ગંગા નદીના કિનારે જે મહાન વિભુતિઓ જન્મી તેને આધારીત નૃત્ય નાટીકા દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. ગંગા નદીના તટે આવેલા શહેરમાં જન્મેલા ચાણકય, અમિતાભ બચ્ચન, સમ્રાટ અશોક, ક્રિકેટર એમ.એસ.ધોની, સ્વામી વિવેકાનંદ, તથા મધર ટેરેસામાં રહેલા ઉચ્ચ ગુણો અને આંતરીક શકિત દ્વારા તે મહાન વિભુતિઓ સમાજ ઉપયોગી કાર્યસિધ્ધી પ્રાપ્ત કરી હતી તે દર્શાવી હતી. તેમજ વિદ્યાર્થીઓને શાળાના પુસ્તીકય જ્ઞાનની સાથોસાથ શરીરની આંતરીક ગુણોને ખીલવવાનો પ્રયત્ન કર્યો હતો. શાળાના વાર્ષિકોત્સવ કાર્યક્રમના સુંદર પ્રસંગે માર્ચ-૨૦૧૬માં લેવાયેલ બોર્ડની પરિક્ષામાં શાળાના તેજસ્વી તારલાઓ, રાષ્ટ્રિય કક્ષાના રમતવીરો, શાળાના ઉત્તમ ચિત્રકારોનું બહુમાન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓના અથાગ પ્રયત્નો અને આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

# ગાંધીનગર હોસ્પિટલના સિવિલ સર્જન સહિત કચેરીના સરનામા બદલાશે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત ગાંધીનગર હોસ્પિટલ અત્યંત આધુનિક અને હાઈટેક બનાવવામાં આવી છે. હોસ્પિટલ નવીનીકરણમાં કરોડો રુપીયાનો ખર્ચે કરવામાં આવ્યો છે. સંકુલમાં પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈમારત ઈન્ડોર દર્દીઓને સારવાર મળી રહે તે માટે તૈયાર કરવામાં આવી છે. ત્યારે હાલના સમયે પણ હોસ્પિટલ સંકુલમાં અનેક ફેરફારના ભણકારા વાગી રહ્યા છે. જેમાં જુની ઓપીડી બિલ્ડીંગમાં કાર્યરત સિવિલ સર્જનની ઓફીસ, આરએમઓ ઓફીસ સહિત કચેરીના સરનામા બદલાશે. જુનુ રસોડુ અને દવાનો જથ્થો રાખવાની જગ્યાએ આગામી સમયમાં સિવિલ સર્જનની ઓફિસનું સરનામુ હશે. ત્યારે આ વિસ્તારને સાફસફાઈ કરીને ચકાચક કરી દેવામાં આવ્યો છે. તેમજ ત્રીજા માળે પણ જોરશોરથી સફાઈનું કામ ચાલી રહ્યું છે ત્યારે નવીન ઓફિસો કયાં હશે તે ચર્ચા સિવિલ સંકુલમાં ચર્ચાઈ રહી છે. જયારે નવીન ઓફિસો પબ્લીક એરીયાથી દુર હોવાથી લાભાર્થીઓને અધિકારીઓની ચેમ્બર શોધવા આમથી તેમ ફરવુ પડે તો નવાઈ નહી. મેડીકલ કોલેજ બાદ હોસ્પિટલની રોનક બદલાઈ ગઈ છે. સંકુલમાં નવીનીકરણનું કામ અટકવાનું નામ લેતું નથી. ત્યારે જુના ઓપીડી બિલ્ડીંગમાં નાના બાળકો માટે એન આઈસીયુ વોર્ડ તૈયાર કરવાની કામગીરીનો પ્રારંભ થવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે સિવિલ સર્જન , આરએમઓ, સિ.સર્જનની કચેરી સહિત આરએમઓ. તેમજ મેટ્રન ઓફીસ પણ બદલાશે. જયારે સિવિલમાં આવતા લાભાર્થીઓને અધિકારીઓની ચેમ્બર શોધવા ભટકવુ પડશે.

# ડીજીપી કમ એથ્લેટીક મીટ-૨૦૧૬ ખુલ્લી મુકાઈ : રાજયના અલગ અલગ જિલ્લાની ૧૦ ટીમો ભાગ લેશે





ગાંધીનગર, તા.૨૬

રાજયના પોલીસ વડા દ્વારા ગત વર્ષથી એથ્લેટીક ગેમ્સ ઈવેન્ટ શરુ કરવામાં આવી હતી. સેકન્ડ ડીજીપી કમ એથ્લેટીક મીટ ૨૦૧૬ને આજે ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટરના મેદાન ખાતેથી ખુલ્લી મુકવામાં આવી હતી. રેન્જ આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટ દ્વારા એથ્લેટીક મીટ ૨૦૧૬ને ખુલ્લી મુકવામાં આવી હતી. આ ઈવેન્ટમાં અમદાવાદ શહેર, સુરત, પંચમહાલ, રાજકોટ, ડીજીપી ઓફિસ, એસઆરપી અને પીટીએસ સહિતની ૧૦ ટીમોએ ભાગ લીધો છે. રાજયના જુદા જુદા રેન્જની ટીમો દ્વારા માર્ચ પાસ્ટ કરીને ઈવેન્ટ ખુલ્લી મુકવામાં આવી હતી.

# નોટબંધી સામે ભારત બંધના એલાનને સહયોગ આપવા કોંગ્રેસની અપીલ

ગાંધીનગર, તા. ૨૬

કેન્દ્રની ભાજપ સરકારે નક્કર આયોજન વિના નોટબંધી કરીને દેશની જનતાને મુશ્કેલીમાં મુકી દીધી છે. કેન્દ્રના આ મનસ્વી નિર્ણય સામે કોંગ્રેસ પક્ષ સહિત તમામ વિપક્ષોએ ૨૮મી નવેમ્બર ૨૦૧૬ને સોમવારના રોજ ભારત બંધના એલાનમાં ગુજરાતના પ્રજાજનોને શાંતિપૂર્ણ સહયોગ આપવા પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ નમ્ર અપીલ કરતાં જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ અને સમગ્ર વિપક્ષ દ્વારા એક દિવસના 'ભારત બંધ'ના એલાનનો આશય પ્રજાને કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણયના કારણે ૧૫-૧૫ દિવસથી પડી રહેલી હાલાકીમાંથી મુક્તી મળે, રાહત મળે તે માટેનો લોકતાંત્રિક પ્રયાસ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે, ગુજરાતના પ્રજાજનો બંધના એલાનમાં સંપૂર્ણ સહભાગી થશે. ગુજરાત સહિત દેશની પ્રજા નોટબંધીના કારણે પારાવાર મુશ્કેલી સહન કરી રહી છે, વેપાર ધંધા ઠપ્પ થઈ ગયા છે, ખેડૂતો ખાતર, બિયારણ માટે વલખા મારી રહ્યા છે, શ્રમિકો પોતાની રોજીરોટીથી વંચિત બની રહ્યાં છે. મોટા ઉદ્યોગો નોકરીયાત વર્ગ પર કાપ મુકી રહ્યા છે. દર્દીઓ રોકડ રકમના અભાવે સારવારથી વંચિત રહેતા હોવાના કિસ્સા પણ બન્યા છે. વિદ્યાર્થી-વાલીઓને શાળા-કોલેજોમાં ફી ભરવામાં અગવડતા અનુભવી રહ્યાં છે. લગ્ન-પ્રસંગો જેમના ઘેર છે એવા માતા-પિતાઓને પણ કેન્દ્રની ભાજપ સરકારે શરમમાં મુકી દીધા છે. આમ કેન્દ્રની ભાજપ સરકારે નોટબંધી-કાળા નાણાંના નામે પ્રજાદ્રોહ કર્યો છે. જેની સામે કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત બંધનું એલાન આપ્યું છે.

# કાળા નાણા સામેની લડાઈમાં સહયોગ આપવા બંધમાં ન જોડાઈએ : ભાજપ

ગાંધીનગર, તા. ૨૬

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ છેલ્લા ૨-૩ દિવસના કોંગ્રેસના કાર્યક્રમોને સંપુર્ણ જાકારો આપવા બદલ ગુજરાતની જનતાને અભિનંદન આપતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસ ૫-૨૫ કાર્યકર્તાઓ સિવાય ક્યાંય કોઈ લોકો રસ્તા-રોકોના કાર્યક્રમોમાં જોડાયા ન હતા. દેશહિતના નિર્ણયનો વિરોધ કરીને માત્ર સત્તા વગર તરફડતી કોંગ્રેસને ગુજરાતની જનતા ઓળખી ગઈ છે. કોંગ્રેસે ભૂતકાળમાં ચક્કાજામ-રેલ રોકો અને બંધના એલાનો આપીને ગુજરાતમાં ખાનાખરાબી સર્જી હતી. તા. ૨૮મીએ કોંગ્રેસના કાર્યકરો કાંકરીચાળો કરીને અશાંતિ સર્જવા માંગે છે, ત્યારે ગુજરાતની પ્રજા કોંગ્રેસના ષડયંત્રથી સાવધ રહે અને બંધના ટેકાથી દૂર રહીને ગુજરાતને સંપુર્ણ ખુલ્લુ રાખીને સમગ્ર વેપારી આલમ અને ગુજરાતની જનતા પ્રમાણિકતાની લડાઈમાં સહકાર આપે તેવી ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ નમ્ર અપીલ કરી હતી.

વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે નોટબંધી એ કાળા નાણાં સામેની લડાઈ છે. અપ્રમાણિકતાની સામે પ્રામાણિકતાની લડાઈ છે. કાળા નાણાં સામે નોટબંધીના મામલે કોંગ્રેસ અને અન્ય વિપક્ષો કેમ વિરોધ કરી રહ્યાં છે. તેની પોલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખોલી નાંખી છે. વડાપ્રધાને કહ્યું કે કાળા નાણાં ધોળા કરવાનો સમય તેમણે ના આપ્યો તેથી કોંગ્રેસ અને તેના સાથી પક્ષો પ્રજાને ભડકાવીને અશાંતિ સર્જવા માંગે છે. ગુજરાતમાં શાંતિનું વાતાવરણ છે. નોટબંધીની સામે તમામ લોકો સરકારના નિર્ણયને સાથ-સહકાર આપી રહ્યાં છે. પ્રજા વડાપ્રધાન સાથે છે તે કોંગ્રેસને ખૂંચી રહ્યું હોય તેમ લાગે છે.

# ચિલોડા વિસ્તારમાં બાકી દબાણોને પણ દૂર કરાશે

## ગેરકાયદેસર અને અવરોધરૂપ દબાણો દુર કરાશે : જિલ્લા કલેક્ટર

ગાંધીનગર તા ૨૬

ચિલોડા વિસ્તારમાં દબાણોની સમસ્યાએ અજગરી ભરડો લીધો હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી પાકા દબાણો દુર કરવામાં આવી રહયા છે. ચિલોડામાં ડુપ્લેક્ષ તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ આ વિસ્તારમાં દબાણોની સંખ્યા વિશેષ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે સ્થાનિક નાગરિકોમાં આ પ્રકારના દબાણો દુર કરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે. ત્યારે જિલ્લા કલેકટરે પણ ગેરકાયદેસર દબાણો દુર કરવા માટે હજુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ જણાંવ્યુ છે. જિલ્લા કલેકટરે અડચણરૂપ દબાણો દુર કરવાની ઝુંબેશ ચાલુ રહેશે તેમ પણ જણાંવ્યુ છે.





ચિલોડા દહેગામ માર્ગ પર દબાણોએ અડ્ડો જમાવતા તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો દુર કરવા માટે બુલડોઝર ફેરવી દેવાયુ છે. જયારે બાકી રહી ગયેલા દબાણો દુર કરવા માટે પણ કામગીરી યથાવત છે. ચિલોડાના આ વિસ્તારમાં દબાણો વધી ગયા હોવાથી ગેરકાયદેસર દબાણો દુર કરવા માટે તંત્ર હરકતમાં આવ્યુ છે. દબાણો યેનકેન પ્રકારે દુર કરવા માટે તંત્રએ મન બનાવી લીધુ છે. ત્યારે સ્થાનિક નાગરિકોમાં પણ બાકી રહેતા અન્ય દબાણો પણ દુર થાય તેવી લાગણી વ્યાપી છે. આવા સંજોગોમાં ચિલોડા વિસ્તારમાં અન્ય દબાણો યથાવત હોવાથી સ્થાનિક નાગરિકોમાં વિરોધની સાથે આ પ્રકારના દબાણો તાત્કાલિક દુર થાય તેવી માંગ ઉઠવા પામી છે. આ મામલે જિલ્લા કલેકટરે પણ ગેરકાયદેસર અવરોધરૂપ દબાણો દુર કરવાની કામગીરી ચાલુ રહેશે તેમ જણાંવ્યુ છે.



## પૂંચ જિલ્લાના વિદ્યાર્થીઓ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા.૨૬

નોર્થ કમાન્ડના ૩૯ આર.આર. બટાલિયન ૧૬ કોર્પ્સ દ્વારા આયોજિત રાષ્ટ્રીય એકતા પ્રવાસ અંતર્ગત રાજયના પ્રવાસે આવેલા જમ્મુ અને કાશ્મીર રાજયના પૂંચ જિલ્લાના વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાજયપાલશ્રીએ વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. પ્રસંગે નોર્થ કમાન્ડના સેનાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સાગરદાણ ઉધાર આપનાર મંડળીને સંઘ રૂ. ૨ પ્રોત્સાહનરૂપે આપશે

ગાંધીનગર, તા. ૨૬

દૂધ મંડળીઓએ હાલમાં દૂધના નાણાં બેંકમાંથી લઈ ગ્રાહકોને ચૂકવણાની તકલીફ, બેંકમાંથી રકમ ઉપાડવાની સરકારી મર્યાદા અને નિતિ નિયમોને ધ્યાનમાં લઈ ગ્રાહકોને લીટર દીઠ ઓછામાં ઓછુ ૩૦૦ ગ્રામ સાગરદાણનો વપરાશ કરે તે માટે સાગરદાણ ઉધાર આપવુ. જે મંડળીઓ પાસે સાગરદાણનો સ્ટોક કરવાની વ્યવસ્થા ના હોય તેઓએ પોતાના સંબંધિત સી.એસ.ના વિભાગીય અધિકારીનો સંપર્ક સાધી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. જે મંડળીઓને પોતાનું સાગરદાણ રાખવા માટેનું ગોડાઉન હશે અને પોતાના ગ્રાહકોને સાગરદાણ ઉધાર આપશે તેને કોથળા દિઠ રૂ. ૨ પ્રોત્સાહન રૂપે સંઘ તરફથી (સંઘના નિયમો, શરતો મુજબ) આપવામાં આવશે. આ અંગે વધુ માહિતી માટે અપુર્વ સુથાર (ડે. મેનેજર સી.એસ. મો. ૮૧૨૮૬૭૪૦૧૧, નાથાભાઈ ચૌધરી - ૯૪૨૬૭૫૫૦૦૫, ભરતભાઈ પટેલ - ૯૬૬૨૫૩૭૫૦૫ અને કૃણાલ ઠાકર - ૯૬૬૨૫૩૭૫૦૧ પર સંપર્ક કરવા દૂધ સાગર ડેરી મહેસાણા જિલ્લા સહકારી દૂધ સંઘના ઈ. મેનેજીંગ ડિરેક્ટરે જણાવ્યું છે.




ટચૂકડી જાહેર ખબર

**જોઈએ છે**

ધોરણ, ૮, ૯, ૧૦માં ગણિત-વિજ્ઞાન ભણાવી શકે તેવા શિક્ષકો ધો. ૮ થી ૧૨માં કોમ્પ્યુટર ભણાવી શકે તેવા શુક્ષકો

દિન-૫માં રૂબરૂ મળો
પ્રેરણા વિદ્યાલય
સેક્ટર-૫/એ, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૪૬૦૦૭
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨